ઈ.નં. ૩૫૧૮૭

ક્રમાંક:પ્રાશિનિ/ખ.૨/૨૦૨૧/ ૩૦૬ - ૭૩.
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા.૧૮/૦૧/૨૦૨૧

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

વિષયઃ- નેશનલ સ્કુલ સેફટી પ્રોગ્રામના અમલીકરણ અંતર્ગત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા (આશ્રમશાળા) અને આદર્શ નિવાસી શાળાઓને સામેલ રાખવા બાબત.

સંદર્ભઃ- નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો પત્ર ક્રમાંકઃ- વિજાક/અમશ/૨૦૨૦-૨૧/૦૫ તા. ૦૭/૦૧/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ગુજરાત ઇન્સ્ટીટયુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાંધીનગરના ડાયરેક્ટર જનરલશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૮/૧૨/૨૦૨૦ ના રોજ મીટીંગમાં થયેલ ચર્ચાનુસાર નેશનલ સ્કુલ સેફટી પ્રોગ્રામનો અમલ કરવા જણાવેલ છે. પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જુદી-જુદી તાલીમ/પ્રોગ્રામ જુદા-જુદા તાલુકા/જિલ્લા કક્ષાએ યોજવામાં આવે છે. તેમાં નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ અને આદર્શ નિવાસી શાળાઓને પણ સમાવી તેનો લાભ આપવામાં આવેલ છે. આ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાના આચાર્ય/શિક્ષકોને પણ પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે તાલુકા/જિલ્લા કક્ષાએ યોજવામાં આવતા સ્કૂલ સેફટી અવેરનેશ અને ડીઝાસ્ટર રીસ્ક મેનેજમેન્ટના કાર્યક્રમમાં તાલીમ મળે તે જરૂરી છે. જેથી તાલુકા/જિલ્લા કક્ષાએ જ્યારે-જ્યારે આ પ્રકારના તાલીમ/પ્રોગ્રામ યોજવામાં આવે ત્યારે તે તાલીમ/પ્રોગ્રામમાં વિકસતી જાતિ ખાતા હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ અને આદર્શ નિવાસી શાળાઓના કર્મચારીઓનો પણ સમાવેશ કરવા અંગે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

રવાના

જા. નં. માધ્ય/ન-૧૦૩૫
તા. ૨૮/૧/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની તમામ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા (આશ્રમશાળા) અને નિવાસી શાળાઓ તરફ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
11 JAN 2021
આવક નં. ૩૪૧૬૮
શાખા : શતેજ/૭

નં.વિજાક/અમશ/૨૦૨૦-૨૧/૭૫
નિયામક, વિકસતીજાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E.MAIL ; dire-dcw@gujarat gov. in
તા. ૦૭/૦૧/૨૦૨૧

પ્રતિશ્રી,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, સેકટર-૧૦
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

વિષયઃ નેશનલ સ્કુલ સેફટી પ્રોગ્રામના અમલીકરણ અંતર્ગત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા(આશ્રમશાળા) અને આદર્શ નિવાસી શાળાઓને સામેલ રાખવા બાબત.

શ્રીમાન સાહેબ,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ(GIDM)ના માનનીય ડાયરેકટર જનરલશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૮/ ૧૨/ ૨૦૨૦માં થયેલ મીટીંગમાં થયેલ ચર્ચાનુસાર શિક્ષણ વિભાગની સાથે રહી, નેશનલ સ્કુલ સેફટી પ્રોગ્રામનો અમલ કરવા જણાવવામાં આવેલ હતું. આપના દ્વારા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જુદી-જુદી તાલીમ/પ્રોગ્રામ, જુદા-જુદા તાલુકા/જિલ્લા કક્ષાએ યોજવામાં આવે છે. તેમાં અત્રેના ખાતા હેઠળની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ અને આદર્શ નિવાસી શાળાઓને પણ સાથે સમાવી તેનો લાભ આપવામાં આવેલ છે. આ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાના આચાર્ય/શિક્ષકોને પણ પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે તાલુકા/જિલ્લા કક્ષાએ યોજવામાં આવતાં સ્કૂલ સેફટી અવેરનેશ અને ડીઝાન્ટર રીકસ મેનેજમેન્ટના કાર્યક્રમમાં તાલીમ મળે તે જરૂરી છે. જેથી તાલુકા/જિલ્લા કક્ષાએ જ્યારે-જ્યારે તાલીમ/પ્રોગ્રામ યોજવામાં આવે, ત્યારે તે તાલીમ/પ્રોગ્રામમાં વિકસતી જાતિ ખાતા હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ અને આદર્શ નિવાસી શાળાઓના કર્મચારીઓનો પણ સમાવેશ કરવામાં આવે તે અંગેની સૂચના આપના દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ અને જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓને આપવા વિનંતી છે.

સંમતિ

11 JAN 2021

(એચ.એમ.વાઘાણી)
સંયુક્ત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર



Scanned with CamScanner